મોક્ષમાળા યાને ઉભાં

ભજન-સંગ્રહ

ભાગ ૨જો.

સંશોધન કરનાર જયરામ મીઠાભાઇ માસ્તર

મુ. દીવા તા. અંકલેશ્વર.

દેશાઇ બ્રધર્સની કુ૦ માટે છપાવી પ્રસિદ્ધ કરનાર

મગનલાલ છગનલાલ દેશાઇ

દેશાઇ બજાર—ભરૂચ.

પ્રત ૨૦૦૦ બીજી આવૃત્તિ

સને ૧૯૨૩ સંવત ૧૯૭૯

કિંમત રૂ. ૦-૨-૦ છુટક

સુરત લીમડાચોકમાં આવેલા ધી "સુંદર" પ્રીન્ટીંગ
પ્રેસમાં શા. વીઠ્ઠલદાસ કીકાભાઇએ છાપ્યું.

પ્રસ્તાવના.

હે વિભુ! તને વારંવાર નમસ્કાર??

(૧) મોક્ષ માળા ભા. ૨ જો યાને ઉભાં ભજનની ચોપડી પ્રસિદ્ધ કરવાનો હેતુ એ છે કે, ઘણી મંડળીઓ તરફથી પ્રચલિત ગાયનો (ભજનો) ની માગણી થવાથી હમારાં અનુભવમાં આવેલાં અને સર્વે ઠેકાણે ગવાતાં ભજન આ બીજા ભાગમાં સંગ્રહ કરવામાં આવ્યાં છે! માટે સૂજ્ઞજનો આશય આપવા મહેરબાની કરશો.

(૨) સદરહુ બીજા ભાગને ઉત્તેજન મળશે. તો હમે થોડા વખતમાં ત્રીજો ભાગ પણ બહાર પાડીશું. જેને માટે અત્યારથી સંગ્રહ કરવા માંડયો છે.

(૩) આ ત્રણે ભાગની એક બુક (ચોપડી) છપાવવાનો વિચાર છે. તેની કિમત રૂ૦ ૦–૪–૦ ચાર આના રાખવામાં આવશે. માટે જેને ગ્રાહક થવું હોય તેણે નીચેને ઠેકાણે નામ નોંધાવવું? પાછળથી થનાર ગ્રાહકને કિમત વધુ પડશે, અગર ચોપડી મળશે કે કેમ? તે પણ નક્કી નથી? કારણ કે ગ્રાહકોના પ્રમાણમાં ચોપડીઓ છપાવવાની છે.

મારકીટ સામુ ભરૂચ.
બુકસેલર તથએબઅલી કાદરભાઈ.
જયરામ મીઠાભાઈ મેહેતા મુ. દીવા તા. અંકલેશ્વર.

શ્રદ્ધાસંપન્ન જિજ્ઞાસુઓ અને ભગવદ્ ભક્તો માટે
પરમાનંદ પામવાનું એક સર્વોત્તમ સાધન.

શ્રી કૃષ્ણચરિત્ર.

અર્જુન અને ઉદ્ધવ સરખા શ્રદ્ધાસંપન્ન જિજ્ઞાસુ અને ભગવદ્ ભક્તોને ધર્મ તથા જ્ઞાનનો ઉપદેશ આપનારા પરમાત્મા શ્રીકૃષ્ણ-ભગવાનનું આ પવિત્ર વૃત્તાંત સૌ કોઇએ અવસ્ય વાંચવા યોગ્ય છે.

આ પુસ્તકમાં કંસનો પૂર્વ જન્મ. શ્રીકૃષ્ણ જન્મ પૂતનાનો નાશ બાળલીલા, ગોવર્દ્ધનોદ્ધરણ, કદંબક્રીડા, અક્રૂરનો ભક્તિભાવ, ગોપીઓનો પ્રેમ, મથુરામાં ધનુભર્ગ કુવલયાપીડનો નાશ, કંસનું મૃત્યુ કાળયવનનો નાશ, રૂક્મિણીહરણ, પ્રદ્યુમ્નની પ્રાપ્તિનું વરદાન ભૌમાસરનો નાશ, પારિજાત માટે પ્રયત્ન, પ્રભાવતીનું પાણિગ્રહણ, ભાનુમતીનો વિવાહ, બ્રહ્મદત્તનો યજ્ઞ, જરાસંધનું મરણ, શિશુપાળનો, નાશ, શાલ્વની સાથે યુદ્ધ સુદામાની ભક્તિ, નારદનો મોહ, અનિરૂદ્ધનો વિવાહ તથા પાંડવોનો પક્ષ વગેરે અતિ રસિક કથાઓનો સમાવેશ થવી મન પસંદ ઢબથી કરવામાં આવેલ છે. વાંચતાં અંતઃરણમાં શ્રદ્ધા, ભકિત આનંદ પ્રકટ થાય છે

કદ ડેમી આઠપેજી ૬૦ ફાર્મ અને કિંમત રૂ. ૨ એ.

વૈદ્યશાસ્ત્રી મણિશંકર ગોવિંદજી,
જામનગર—કાઠિયાવાડ.

ઇશ્વર સ્તુતી.

સૌનું કરો કલ્યાણ, દયાળુ. પ્રભુ સૌનું કરો કલ્યાણ, એવાર
હાથ જોડીને વિનંતિ કરૂં છું, કરજોડીને વિનંતિ કરૂં છું.
દયાનું દિલમાં આણ, દયાળુ પ્રભુ.
સ્વર્ગ મૃત્યુ પાતાળ સકળમાં, વરતે તમારી આણુ. દયાળુ.
જ્ઞાનિ ધ્યાની હરીજન જાણે, પાપીને ન્હોય પિછાણ. દયાળુ.
નારદ સારદ શીવ બ્રહ્માદિક, દાશાનું, દાસ જાણ. દયાળુ.
આપ તણી નહિં ઓળખ જેને, તેને તાણા તાણ. દયાળુ.
આપ હુકમને આવિન મૃષ્ટિ, સૃષ્ટિ સરવે ભાણુ, દયાળુ.
ભજન તમારૂ સુદર અર્પો, જે રામ છે અજાણુ, દયાળુ.

પદ ૨

સામળા સ્નેહી તમે હરીવેલા આવોરે, નાગર તો નરસૈંઆ સારૂં
જળની ઝારી લાવોરે;
જય જાગ્યા પ્રહલાદનીવારે, થંભમાં વાસ પુરાવ્યોરે; સામળા.
બાળક જાણી, દયાઆણી, ઉગાર્યો પ્રહલાદનેરે.
સુધન્વાને લઇ પીતાએ, તેલ કડમાં નાંખ્યોરે. સામળા.
અમને દ્વારા તેં વરસાવી, ભક્ત લીંધો ઉગારીરે;

રામા સામા વિપ્ર સભામાં, તમે દરશન દીધાંરે, સામળા.
નહોતું જાણ્યું નજરે આણ્યું, મહેલ કમકના કીધારે;
પંચાળીના પટકુળ પુર્યાં, સભામાં દરશન દીધ, સામળા.
મિરાંબાઇનું સંકટ જાણી, ઝેર હળાહળ પીધું,
સાંભળો છો ત્યારે સ નથી આવતા, પ્રીત પુરવની જાણીરે. સામળા.
રતનબાઇનું રૂપ ધરીને, પાયું મેહેતાને પાણી;
મને મરતાં સાંભળી સાંભળીઆ, મારૂં તે શું જાણ્યું. સામળા.
જાણે નરસૈંઓ દાસ તમારો, વેળાઓ વપરાશેરે. સામળા.

પદ ૩

ગોરી ફોડીરે ગોરી ફોડી, જુઓ જસોદા કહાન ગોરી ફોડી.
ગાયની ગમાણમાં ગોવિંદ સંતાયા, વાછરડી મારી છાની છોડી; જુઓ.
દહીને દુધવાલો લુટીરે ખાય છે માખણ ખાધું છાનું ચોરી; જુઓ.
ચીની તે માણીઆ વહાલો ઢોળી દે છે, છાશ પીની છે થોડી થોડી; જુઓ.
વંદ્રાવનની કુંજ ગલનમાં, ગૌધન ચારે ફરી ફરી; જુઓ.
બાઇમીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ, દાસ વલભ કહે કરજોડી જુઓ.

પદ ૪

ઘડીઘડી ઘેકડીને જાવાદે જાદવા, તેમને માયા લગાડીરે;
તેં મને માયા લગાડી નંદલાલ, તે મને માયા લગાડીરે;
ગીરી ગોવરધન નખપર તોળ્યો, ગોકુલ રાખ્યું ગીરધારીરે; ઘડીઘડી.
પાતાળે પેસી વહાલે કાળીનાગ નાથ્યો, નિંદભરી નાગણી જગાડીરે.
વંદ્રાવનમેં રાસ રચ્યો છે, વશ કર્યાં વનમાળીરે ઘડીઘડી.

વંશ તે વનની કુંજ ગલનમેં, ગૌધન ચારે ફરી ફરી.
ભજે પ્રેમથી મહેતા નરસૈંઆનો સ્વામી, ગોપીઓ આનંદ પામીરે; ચડી.

પદ

આંખડી કામણગારી રે કહાન તારી આંખડી કામણ ગારી
જેણે આંખડીએ ત્રાટક આંજણ વાળ્યો, ગોપ ગલકમાં ભમાવીરે ક.
જેણે વનમાં રાસ રચ્યો છે. રેણી છે ઘેર ઘેર પ્યારી કહાનતારી.
દાસ ... સ્વામી ચતુર શીરોમણી, ચરણ કમળ બલીહારી. કહાન.

પદ ૫

નરગજવરા ગણપતિ સુંઢાળાને સમરીએ રે સ્વામી નરગજવરા ગણપતિ
સમરણ સાત સકળ સીદ્ધ આવે, અને પારવતી જેની માત;
સ્વામી કાર્તીકી ભ્રાત કહીએ, શંકર જેનો તાત; સુંઢાળાને (૧)
શુદ્ધબુદ્ધ નારી આસ ભંડારી, સુત લક્ષ લાભ પુત્ર સાર;
અંક કામના મધુર કહીએ, સકળ ગુણ ભંડાર; સુંઢાળાને (૨)
રિદ્ધિ સિદ્ધિ બે દીકરીને, આનંદ રૂપે અપાર;
ક્ષેમ કુશળ બે જમાન કહીએ, ગણપતિનો પરિવાર; સુંઢાળાને (૩)
ગણપતિનાથ, પકડે હાથ, પ્રસન્ન થાય પાર્વતિ;
દેવ દેવીઓ કરે સેવના, કુબેર કમલા પતિ; સુંઢાળાને (૪)
બ્રહ્મદેવ કરે કલોલ, સુખમણા કરે આરતી;
બહુજ સ્વામી ગણેશ બિરાજે, મહામંગળ મુર્તિ; સુંઢાળાને (૫)
ભાલ તિલક તો શીરપર શોભે, દેતને કહે હિતકારી.
[illegible] સહિત તો ગજાનંદ છે, ગાવે મંગળ કારી સુંઢાળાને ([illegible])

પદ ૬

ભજો ગોવિંદ ગોપાલ, કૃષ્ણ કનૈયો ઝુલે નંદલાલ ભજો ગોવિંદ
જમનાકે નીરે તીરે ધેન ચરાવે, મોરલી બજાવે નંદલાલોજી. ભજો.
મથુરામાં હરી રાસ રચ્યો હે, સહુજ ગોપી એક નંદલાલ; ભજો.
ગુરૂપરતાપે સાહેબ સંગત, ભવજળ તારણ નંદલાલા. ભજો.

પદ ૭

બ્રિજવાશીરે ગોકુળવાશી મોરલીઓવાળો બ્રિજવાશી.
મથુરામાં હરી જન્મ લીધોરે, ગોકુળમાં ગયો નાશી; મોરલીઓવાળો.
મથુરામાં મામા કંશને માર્યો, ગોકુળમાં મારી માશી મોરલી.
માતા જશોદા બહુ શુખ પામે. પુરણ પ્રગટ્યો અવિનાશી મોરલી.
મથુરામાં હરી રાસ રચ્યો હે, થૈ થૈ નાચે પેલો અવિનાશી મોરલી.
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ, ચરણ કમલકી મેં દાશી મો.

પદ ૮

સંતો હમેરે વેપારી શ્રી રામ નામના, સંતો વેપારી આવ્યા છે,
બધા ગામના;
સંતો અમારૂં વસાણું સાધુ સો કઇને ભાવે, અઢારે વરણ જેને
વહોરવા આવે; સંતો.
અમારૂં વસાણું કાળ દુકાળ ન ખુટે, રાજા ન દંડે ને ચોર ન લુટે
સંતો હમે
રામનામ ધન્ય મારે વાજે ને ગાજે, છપન ઉપર ભેર ભુંગળો
વાગે સંતો.

લાખ તણાં લેખાં નહિ મેં, પાર વીનાની પુંજી, વીકરવું હોય તો વહોરી લેજો

કસ્તુરી છે મોંઘી અતો હમેરે વેપારી [illegible] નામના

આવરોને ખાતા વહીમાં લક્ષ્મી વરનું નામ છે, ચોપડીમાં ચતુર્ભુજ લખીઆ

નરસૈયાનું કામછેરે, અતો અમેરે વેપારી શ્રીરામ નામના

પદ ૯

મારી દુકાન છે હરી નામનીરે, નામની, નામની, નામનીરે;
મારી દુકાન છે, હરી.

નર હરી રૂપી નાણું ઘડું છું, ઘરાકી ગામે ગામની;
વૃદ્ધ બાળકને જુવાની આવે, આવે પુરૂષને કામનીરે; મારી.
હાટેને ઘાટે સાથે વેપાર કરે છે, ઉઘાડું ધામ દીન જામનીરે; મારી.
વૈરાગ વેપાર દીન ભગતીનો, લેવડ દેવડ નહિં દામનીરે; મારી.
નહિં પડ પંચને નહિ કાંઇ પાતક, કમાણી ઠામે ઠામનીરે; મારી.
મારો વેપાર કરે તે ગૃહસ્થ થરે, અંતે પ્રાપ્તિ સુખધામનીરે; મારી.
મોકલું હુંડીઓ હરી હરી કરીને સ્વીકારી વલ્લભરામનીરે. મારી.

પદ ૧૦

ખોટી પ્રીતો કરે નર નારીરે, એનો જન્મ જન્મ ગયો હરી;
પરનારીશું ગમન કરે છે, તે નરક તણો અધિકારીરે, ખોટી પ્રીત.
ભસ્માશુરને ભસ્મ કરી નાંખ્યે, મોહની રૂપ મોરારી. ખોટી પ્રીત.
ઇંદ્ર ચંદ્રને કલંક બેઠો, ગૌતમ નાર હારીરે, ખોટી પ્રીત.

રાવણ પરનારીને કાજે, સર્વ લંકાપર બાળીરે ખોટી પ્રીત.
દાસ નારાયણ કહે ગુરૂ પ્રતાપે, સાચે રાચે ગીરધારીરે. ખોટી પ્રીત.

પદ ૧૧

વાલા પ્રેમને વેશ થયા રાજીરે, એમાં શું કરે પંડીતને કાજીરે.

સાખી

ભક્ત વિદુરને ઘેર કૃષ્ણ પરોણા, કેળાં લાવ્યાં માગી.
ગર્ભ મેલીને છોતરાં આરોગી, છપન ભોગ મેલ્યા ત્યાગી વાલો
કરમાબાઈની ખીચડી ખાધી. વીદુરને ઘરે જમ્યા ભાજી;
એઠાં બોર ભીલડીનાં ખાધાં, નીચ ઘરે માગી માગી, વાલો
બદી કરે ત્યાં આંખી ન જુએ, ને ભરમના જાએ ભાગી; વાલો.
ચૌદ ભુવનનો નાથ બિરાજે, વૃજ વનિતા શું લાગીરે, વાલો.
ગોકુળમાંથી મથુરામાં હરી આવ્યા અને આવ્યો તે ભાગી, વાલો.
માથી તે પુતનાતે મારવા આવ્યા, પ્રાણ લીધા છે ત્યાગીરે વાલો.
ભક્તિ કરે એની નિંદા કરે. એવા લોક છે પાજી, વાલો.
નરસીંહના સ્વામીને ભાવે ભજો, માથે ગીરધર રહિ છે ગાજી. વાલો.

પદ ૧૨

હો મનવા ખેતી ખેડોની મારા ભાઇ, હરે કે. કાયા ખેતર ખેડવું સઇ; હે મનવા.

સત્ય કરમનો કડબ બનાવ્યો, પ્રેમ પાસ છે મહીં,
દીનતા તણા તો દાંડા બેસાડ્યા વચનવળાં પૈરવાય.
હો મનવા ખેતી ખેડોની મારાભાઇ,

સાખી

દયા તણી એને દાંડી બેસાડો, કેહેણીની કુકડી જડાઇ;
સ્નેહ તણા એને નિકાશ બેસાડો, ક્ષમાનું ખીલીયું સાંઇ; હે.
શીલુપત કેરૂં જુસરૂં બનાવો, નામ નારાયણ નાડા લઇ;
સમજણ કેરો સમન બેસાડો, દમનો ધસારો ધસાઇ; હે.
શાન્તિની સમેલો બેસાડો, જુગતીનાં જોતરાં બનાઇ;
રેહેણી કરણીની રાશો ઝાલીને, હનમુત ધોરી જોતરાઇરે હે.
પ્રેમતણો પરોણો પકડીને, ગમના ગોદા મરાઇ,
હરી હોંસે હોંકારા કરીને, રામનામ કેહેતાં હંકાઇ હેમનવા.
હરી નામનું હળ બનાવો, ચીત ચવડું ધલાઇ;
જુઠ તણી મહીથી જડીઓ કાઢો, ખરાબીતો ખાવો જાય; હે.
ફતેહ તણો ભડકો બનાવો, ચંચળ ચવડી ધલાઇ;
વાણીનું વરખેલું જોતરો, અમી ઓરણી બંધાઇ; હે મનવા.
સોહંગ બીજ તમે સહેજમાં ઓરો, ધ્યાન ધારણા લઇ;
અદભુતના ત્યાં ઓમકાર ઉઠશે, ખેતર હરાયું દેખાઇ; હે મનવા.
કાયા કરપડી એ ખાંતે ખેડો, કલ્યાણ કોદરે ખોદાઇ;
લાના ખરપડી એ ભાવે નીંદો; ખેતર ચોખ્ખું થાઇ; હે મનવા.
ગરબગરે ખેતર પકવ્યું, નીપજ્યું સાતે સરાઇ;
કુબેરને ત્યાં ટોવા મોકલ્યો, ગાવે છે સમજ લઇ હે મનવા.

પદ ૧૩

ભજલે વારંવાર, કૃષ્ણને ભજલે વારંવાર; રામને ભજલે વારંવાર
શું ગાફલ થયો ગુમાર, કૃષ્ણને ભજલે વારંવાર

પશુ પક્ષી થઇ અવતરશોરે, ખાવા ન મળતી ચાર; કૃષ્ણને.
તે દિવસ ક્યાં ભુલી ગયારે, વનમાં થયા હતા ઝાડ; કૃષ્ણને.
ગર્ભવાસમાં દુઃખ પામતા હતા, તેનો કરો વિચાર; કૃષ્ણને.
મનુષ્યદેહ દેવતાને દુર્લભ, તમને આપી કીરતાર; કૃષ્ણને.
સારો થાશે હરીને ભજીશું, એવો કર્યો કરાર; કૃષ્ણને.
આ અવસરમાં રામને ભજીલો, નહિં ભજો તો ધિક્કપડયો
અવતાર કૃષ્ણને.
યમ રાજાની કરી જુબાની, તમને કાઢયા બહાર; કૃષ્ણને.
કહેતા હતા તે કાંઇ ન પાળીઉં, યમનો ખાશો માર, કૃષ્ણને.
માત પીતા સુત અને બંધવ, સાથે નહિં આવે નાર; કૃષ્ણને.
માટે, મમતા કામ ઇર્ષા મેલી, ઉણુ પતને તું આહાર; કૃષ્ણને.
જુઠી માયા ને જુઠી કાયા, ને જુઠો સબ સંસાર; કૃષ્ણને.
દીન થઇને હરીને ભજો તો, ભવજલ ઉતરશો પાર; કૃષ્ણને.
દાશ નારણ સંગ ગુરૂ પરતાપે, હરી ચરણ ચીત્તધાર, કૃષ્ણને.
આ અવસરમાં રામ ભજી લે સોવસા તરશો સાર; કૃષ્ણને.

પદ ૧૪

સુનમાં તમો શું રે જુઓ, જુઓ ગગન પર ચઢી ચઢી;
અમુલખ વાજાં વાગીઆં, નયણે નીરખો હરી હરી,
ઘડયા ઘાટતો પડી રેહેશે, આવે નહિ પલ ઘડી ઘડી,
શાત સાગર ઉલટયા, ગંગા જુમનાં વહી વહી.
પાપી હશે તે બુડીજશે, ધર્મી ઉતરશે તરાતરી.
નરસીહ મેહેતો એમ કરી કહે છે, અમુલખ વસ્તુ જડી જડી.

આરતી ૧૫

સંજા સંજા આરતી સોધી લેને પાઠ. બાવા સંજા.
બ્રહ્મા એ રૂપે ઘડેલો ઘાટ, સદા નાટા રંગની આરતી. હો ગુરૂ.
આતમ બોલો, સદા નાટા રંગની આરતી
જમીન આસમાનમાં ઘડીએલો ઘાટ, બાવા હિંદુ મુશલમાનની.
એકજ વાત, સદા નાટા રંગની.
સત્યરે યુગમાં તો રાજારે પ્રહલાદ, તેણેરે માંડયો ધણીનોરે પાઠ;
સોનાના છે ધાર ધણીને, સોનાના છે પાઠ.
સોનાના સિહાંસન બેઠા નાટા રંગની આરતી? હો ગુરૂ આતમ બોલો.
તેતા યુગમાં રાજા હરિશ્ચંદ્ર, તેણેરે માંડયો હરિનો પાઠ
રૂપાના છે ધાર ધણીને રૂપાના છે પાઠ;
રૂપાના સિહાશન બેઠા, નાટારંગની આરતી; હો ગુરૂ આતમબોલો.
દ્વાપરમાં રાજારે ધર્મ, તેણેરે માંડયો ધણીનો પાઠ,
ત્રાંબાના છે ધાર ધણીને ત્રાંબાના છે પાઠ,
ત્રાંબાના સિંહાશન બેઠા નાટારંગનાથ;
સદા નહારંગની આરતી; ગુરૂ આતમ બોલો.
કળીયુગમાં રાજારે બળીરાજ, તેણેરે માંડયો ધણીનો પાઠ.
મીટીના છે ધાર ધણીને મીટીના છે પાઠ મીટીને સીંહાશન બેઠા.
નાટારંગીનાથ સદા નાટારંગી આરતી. હો ગુરૂ આતમ બોલો.
બોલીઆરે બોલીઆ ધવને પ્રહલાદ;
સતીઓના હોજો અમર પરવાસ
સદા નાટારંગની આરતી—ગુરૂ આતમ બોલો—

પદ ૧૬

કો કરે જંજાળ જગતમાં જીવના હે થોડા.

માતા પીતા તેરે જન્મ દીયા હે-કરમ લીખો કીરતાર જુગમા ૧.

કોઇ મરે દશ વીસ વરસમાં. કોઇ મરે છે નાનુ બાળ જુગમાં ૨.

ઉચીમેડી તેરા અજબ જરૂખા. તાહે ચડી જોઉ તારી વાટ જુ. ૩.

હાથીને ઘોડા માલ ખજાના, કોઇના આવે તારી સાથ જુગમાં ૪.

ચુન ચુન મટીકા મેલ બનાયા, મુરખ કહે ઘર મેરા. જુગમાં ૫.

બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરનાગુણ ચરણ કમલ બલીહાર જુ. ૬.

પદ ૧૭

તમને આરાધું અનદેવ, પ્રથમ કરૂં તમારી સેવ.
સવા પહોર દહાડે સુતાં ઉઠે, બહોર કરતાં બાળ.
માતા પાસે ખાવા માગે પહેલે પ્રાંતઃકાળ. તમને ૧.
પહોર દહામાં આવીમળે તો કાયા કરે છે કલોલ,
માણસ થાય છે મરવા સરખું, ઘડીમાં આવે કાળ: તમને ૨.
વાત કરતાં વઢી પડે છે, જાણતાં જાય ભુલી.
આંખડીએ અંધારાં આવે, કાયા થઇ જાય ચુલા. તમને ૩.
પંદર દિવસે એકાદશી આવે, વ્રત તણો મહીમાય.
રાત પડેને સ્વપ્નું લાગે, વહાણું કયારે વાય; તમને ૪
બળીઆમાં જે બળીયો કહાવો, સૌથી બળીયો કહેવા;
ત્રીજે પાંચે તેજ જ્યારે, ધુળ થઇને ધરીયો. તમને ૫.
તેત્રીસ કોટી દેવ મળીને, સો કોઇ તમને પુંજે;
કહે રણછોડ અનદેવ મલેતો, સરવે વાતો સુજે. તમને ૬.

પદ ૧૮

વીસાર્યા તે વનમાળીરે જીવડલા   જુઠા.
બ્રહ્માની માયા ભારીરે જીવડલા,   જુઠા.
આવ્યો છે તું તો આરે દુનીઆમાં દેહદમવા.
કેમ રસ્તે લાગ્યો રમવારે જીવલડા;   જુઠા ૧.
આવ્યો છે તુંતો ભક્તિના ભેદ ભણવા,
કેમ ગણીત બેઠો ગણવારે જીવડલા;   જુઠા ૨.
આવ્યો છે તું તો ચતુર્ભુજને રસ્તે ચઢવા,
કેમ પાછો લાગ્યો પડવારે જીવલડા.   જુઠા ૩.
આવ્યો છે તું તો જમરાને આપવા જુબાની,
તે કેમ ભુલ્યો અજ્ઞાનીરે જીવલડા,   જુઠા ૪.
આવ્યો છે તું તો ગુણ, ગોવિંદજીના ગાવા.
કેમ લાગ્યો ધુમ મચાવારે જીવલડા;   જુઠા ૫.
આવ્યો તુંતો બદ્રી પતિનું ધરવા બહાનું,
કેમ ભુલ્યો આદર્યું ભાનુંરે જીવલડા;   જુઠા ૬.
આવ્યો છે તું તો રઘુરાય રૂપિ રીઝવવા.
કેમ જોયું જમપુર જાવારે જીવડલા   જુઠા ૭.

પદ. ૧૯

આજ મેંતો અચરત જોયુંરે, મારૂં મનડું મોહ્યું
સિંહને આંતરે શિયાળ, અજા એને મારે માર,
તેના મારથી દુઃખ થયુંરે, મારૂં મનડું મોહ્યું;   આજ ૧.
વાઘને જઇ વરૂ ખાઉયો, કુકડે એને ચુગ્યો ઝાઝો,

મચ્છરે સાં જઇને કહ્યુંરે, મારૂં મનડું મોહ્યું. આજ ૨
અજામાં સિંહ ચરવા જાય બકરાનો એ મારજ ખાય;
બિલાડું તો ઠગી ગયુંરે, મારૂં મનડું મોહ્યું. આજ ૩
કુતરો સિંહને શીખ દે છે, અજા ભેગો તેથી રહે છે.
કુબેરે તો ચિત્તમાં લહ્યું રે, મારૂં મનડું મોહ્યું. આજ ૪

પદ ૨૦

મારૂં જોવાનું જુઠું ન જાણોરે સમજ્યામાં આણો,
સંઘાતમાં સંસાર શિઆળ, આયા અજાનો ખાય છે માર
જન્મ મરણનું દુઃખ જાણોરે, સમજ્યામાં આણો. મારૂં ૧
ખોટા વિચારથી વરૂ સહી, કુકર્મ કુકડી ઘુંચવઈ ગઈ.
મચ્છરે ઉધેડી ચારે ખાણોરે, સમજ્યામાં આણો મારૂં ૨
મન કરમે કાયા થઇ, માના ઉદરમાં ઊંધી રહી
બિલાડું બોલીએ બંધાયુંરે, સમજ્યામાં આણો; મારૂં. ૩
જીવ માયાના પાંજરામાં રહે છે, સંસારના એ ચહીતરાં વહે છે;
કુબેર કહે કોઇ સમજુ સાણા રે, સમજ્યામાં આણો મારૂં. ૪

પદ. ૨૧

ઉંડો કુવો જળ વિનાનો. પાણી ભરે પનહારી રે.
અસત્ય, જુઠ નવ બોલીએ. બ્રહ્મા જુએ વિચારી રે. ઉંડો (૧)
હેઠે કુંભાર ઉપર ચાકડો તે મે ફરતો દીઠો રે
કિડી કેરાં નેત્રમાં હસ્તી જાતાં દીઠો રે. ઊંડો. (૨)
નદી કેરાં નિર ઉલટવાં, જઇ પર્વત પર ચડયાં રે.
હરણુ પાસો બાંધ્યા માહી પારધી પડયા રે. ઊંડો કુવો (૩)

હેઠે અમ્મર ઉપર કમળ છે, માળા ભણમાં હીરારે;
તેનો પ્રેમાળ વાચો વાપરો, ચાદ ભુવનમાં મીઠોરે; ઉંડા કુવો. ૪
હેઠે ગાગર ઉપર પનીહારી, તે મેં ભરતાં દીઠાં રે.
ગોરખ બોલ્યા વિનંતિ, વાણી છે બહુ મીઠીરે ઉંડા (૩)

પદ. ૨૨

હાં હાંરે તંબુરો વાગ્યો, મારો ચેતન આત્મ જાગ્યો.
પાંચ તત્વનો બન્યો તંબુરોજી, હેતુનો બાંધ્યો ધાગો, મારો (૧) હાં
ત્રણ ગુણના ગમા બનાવ્યાજી, માંહી ઓહંગ સોહંગ તારલાગ્યોમારો(૨)
વિચાર વાંસને દાંડે ઘાલ્યોજી, શુરતાએ ચઢયો આધો; મારો (૩)હાં
ચિત તણીએને ચમરી બેસારોજી, જ્ઞાન ઘોડીએ સાંધ્યો મારો (૪)
પાંચ પચીસ ફુદડીઓ મળ્યેજી, કામ ક્રોધ મોહ ટાંગ્યો; મારો (૫)
નિજ નામની ધુને ગયોજી, જન્મ મરણુ બે ભાગ્યો; મારો (૬)હાં૦
ગરીબ ધરે ગાયે તંબુરોજી, કુબેરે પ્રેમ કરીને માગ્યો. મારો (૭)હાં૦

પદ. ૨૩

ભજન બડી તરવા રાધે ગોવીંદા તમો ભજોને નરનેનાર, રાધે; (૧)
તમે ભજીને ઉતરો પાર, રાધે ગોવીંદા જમપુરીમાં ખાસો માર (૨)
તેમાં કોઇ કરે નહીં વાર, રાધે ગોવીંદા, તમ પસ્તાશો નરનેનાર (૩)
તારો એળે જશે અવતાર, રાધે ગોવીંદા હરીજન કહે વારંરર વાંધો(૪)

પદ. ૨૪

શંકર વશેરે કૈલાશમાં, ભોળો ભસ્મનો છે ભોગી,
કહાવે નીલકંઠ જોગીરે, સદાવશો આનંદમાં—

હરે જોવા પાર્વતીના પ્રાણ, એવા ઉમીયાના આધારરે
જોગી વશે જળઝાંડમાં, શંકર વશેરે કૈલાસમાં (૧)
સકળ દેવોના તમે દેવતા રે, ચૌદલોકોના નાથ,
પંચ વદન ઝળકી રહ્યા, ધર્યો ચંદ્રમાલેલાટ રે. શંકર વશે. (૨)
મહાદેવ કહે ઉમીયા સુણો રે, જાવું ગંગાને તીર.
ધ્યાન ધરૂં પેરી બ્રહ્મનું. મન કરી રાખું ધીર રે. શંકર. (૩)
ઉમીઆ કહે મહાદેવજીરે, વનમાં અપશરાં આવે.
કેમ કરી તપ આરાધશો, કામબાણ ચલાયારે. શંકર (૪)
રૂદ્ર માળા કંઠે ધરી રે, અંગે ભસ્મ ન માય,
વરદાન આપે શિવ દૈત્યને. દેવ સાથે લઢવા વેરરે, શંકર (૫)
ગંગાને તીરે આવ્યારે, ત્યાં દીઠા મહાદેવ
ત્યાં તો બનાવી ફુલવાડીઓ બોયાં બીજોયાંનાં ખેતરો. શંકર ૬
શંકરે તપ આરાધ્યું, જાણી ઉમીયાંએ વાત
ગદ ગદ ચાલે ચાલીયા, લીધો ભીલાનો વેશરે. શંકર (૭)
નેત્ર ખોલીને શીવે નીરખ્યાં રે, દીઠાં ભીલ્લા રાણી.
કહોને કામીની કયાંથી આવ્યા, કયાં છે તમારો ઘર વાશરે શંક.(૮)
વાશતો અમારો વેગળોરે, હમે ભીલા રાણી.
જોગીશ્વર જાણીને આવ્યાં પૂછવા, કયારે મલશોવર વાશરે શંક.(૯)
મહાદેવ કહે ભીલ્લા શુણોરે, વનમાં ગયાની શી આશ.
મારૂં કહ્યું માનો મૃગા લોચની, રહો અમારી પાશરે શંક (૧૦)
ભીલ્લા કહે મહાદેવજીરે, ગંગા પારવતી નાર
ભીલ્લા રાણીને તમોશું કરો, તેની કોણ કરે શેવરે. શંક. (૧૧)

પાર્વતીને પીયર વળાવુરે, ગંગા તમારી દાસ,
સદા રહો આનંદમાં, રહો અમારી પાશરે, શંકર (૧૨)
ગાય શીખે ને સાંભળેરે, હરી રાધાનો રાસ;
તે નર વૈકુંઠ પામશે, ગુણુ ગાય ધીરો દાશરે શંકર (૧૩)

પદ ૨૫.

બંગલા ખુબ બન્યા મહારાજ, જીસમે નારાયણુ બોલે;
ઇસ બંગલામાં દશ દરવાજા; બીજે પવનકા થંભા;
આવત જાવત કોઈ નહિં દેખે, એહી બડા અચંબા—બંગલા.૧
એસિ બંગલામાં બાજી બાજે, બાજે કી શુર વેરી;
તાલ પખાજ ઓર મરદંગ બાજે, રાગ છત્રીસ ગાવે—બંગલા.૨
હાડ ચમડ કી દેહી બનાવી, નવ નાડીકા કોટ;
બાજી ગરકા ખેલ મચાયા, રંગ ખુબ લગાયા— બંગલા. ૨
પાંચ પચીસેક પાતર નાચે, મનરા તાલ બજાવે;
શુરત નુરતકી મરદંગ બાજે, રાગ છત્રીસે ગાવે— બંગલા. ૪
રોમ રોમકી છાયા બનાવી, ત્રણ ગુણુકા તાળા;
કહેત કબીર સુનો ભાઇ સાધુ, ચેતન સુનના વાલા—બંગલા ૫

પદ. ૨૬

મોહન રસીયા આયો બગીઓમેં, ખીલ રહી શબ કલી કલી;
એક કલી મહાદેવકું ચડાવી, દુસરી તો હનુમાન ઘેર ખડી મો.૧
એક કલી સીંહાસન બેઠી, દુસરી તો માલણુ ઘેર ખડી.
કેવડો કસ્તુરી બેહેકી રહ્યાં છે, જાય ચંબેલી માંહી ખીલ રહી. મો
બાઇમીરાં પ્રભુ ગીરધર નાગર, ચરણુ કમળ ચિત્ત હરીહરી. મોહન

પદ. ૨૭

આ અગન ગાડી ખડી, માંહે અમુલખ વસ્તુ ભરી;
સડક સુરતા સીધી ચાલી, સલેપાટ પાથરી.
પલ પલ પૈડું ફરી રહ્યું છે, વાગે ઘંટ ત્યાં ઘડી. આ અગન ૧
ડબામાં તો માલ ભરીને, બેઠા સાહેબ ત્યાં ચઢી;
પાંચ ભુજ ત્રણ ગુણ વસ્તુ, કામ ક્રોધમાં ઠરી. આ અગન. ૨
આપે અંજીન હાંકવાં માંડયું, જોયુ બ્રહ્માંડે ફરી;
મન રાજા મુસાફર થઇને, લક્ષ ચોરાસી ફરી. આ અગન ૩
પુન પૂર્તનું આવી મળ્યું ત્યારે, ટીકીટ મનુષ્યા દેહ ધરી,
પાપ પાકીટ નાખી દઇને, સમાગમ કરીએ ઘડી. આ અગન ૪
ઓચિંતુ સ્ટેશન આવશે ત્યારે, સઘલુ રહેશે ઠરી;
ચેતન થઇને ચેતી જુઓ, સત્ય શબ્દ સાંભળી. આ અગન ૫
સૌની તપાસ સાહેબ લે ત્યારે, ખરાબી ચોરની ખરી;
હરીહર ગુરુને ચરણે રહીને, આનંદ રૂપે ઠરી. આ અગન ૬

પદ ૨૮

ગાયો ચારીને કહાન ઘેર સિધાવ્યાને એ વારણાં લઉં વારી વારી,
ઉઘાડે દીલે જ્યારે રમતેલા દીઠા, ઝુલણી કયાં વીસારી હો;
નંદના નાંધણીઆરે:

ખમા રાય રણછોડ, રંગીલારે ખમા કહાન ઝુલણી ક્યારે વીસારી
ખમા મારા મનના, મોહનજીરે ખમા મોરા તનના ત્રીકમજીરે,
રડે રૂએને કહાન રૂદન કરે છે, લાવો બેસાડા એની ઓથે;

એરે ઝુલણીને કારણે મારો, કહાન કુંવર ખોય લોટે. હો નંદના ૧
સાવ સુનાનાની ઝુલણું હમારી ને માંહે રૂપાના વાધા,
અલ્યારે કહાન કુંવર છાનો રહે એતો કહાન કુંવરના વાધા;
હો નંદના નાંધણીઆરે ૨

ખંતીલો દરજી જ્યારે શીવવાને બેઠો, કહાન કુંવરના વાધા;
રૂપીએ ગજનો મશરૂ મંગાવુંને પ્રેમની નંખાવું માંહે ધાગા;
હો નંદના નાંધણીઆરે. ૩

જરકંશીનો જામો સીવડાવુંને તેમાં સીવડાવું એક ટોપી,
અહલ્યારે કહાન તું છાનો રહે તને કાલે પરણવું ગોપી હો નંદના૪
દ્વારકાં તમે ગોકુળ કીધું ને ડાકોર કીધું કાશી;
દ્વારકાથી તમે હોટજ મૂકી ડાકોર આવ્યા નાશી. હો નંદના ૫
એરે ઝુલણીમાં કંઇજ નથી અને જડીએલાં માણેક મોતી;
એરે ઝુલણીના કારણે હુંતો ચાલુ ગોકળીઆં જોતીરે હો નંદના ૬
એરે ઝુલણીમાં કાંઇજ નથીને બાપીઆ મુકાવું રામ રાત:
ગાય શીખેને સાંભળે તેના ગુણ ગાય જશોદા માતા. હો નંદના. ૭

પદ ૨૯

મારા સાચના સંગાતી રામ જેણે પ્રીતો કીધી,
વાલારે મારા આપે આવીને ઉભા રહેજો.
જેણે પૂરણ કામો કીધાં, રામ જેણે પ્રીતો કીધી—ટેક.
વાલારે મારા પ્રથમ પ્રીત જેણે કીધી, તેણે અવીચળ પદવી લીધી.
રામ જેણે પ્રીતે ૧

વાલારે મારા મીરાંબાઇને પરચો દીધો, જેણે વીખના પ્યાલા પીધા
રામ જેણે પ્રીતો. ૨

વાલારે મારા સુદામાના સંકટ હર્યાં, જેણે મહેલ કનકના કીધાં
રામ જેણે પ્રીતો. ૩

વાલારે મારા બળતાં રાખ્યા પાંડવ વીર, દ્રૌપદીનાં પૂર્યાં ચીર,
રામ જેણે પ્રીતો. ૪

વાલારે મારા દુર્યોધનના મેવા ત્યાગી, વિદુર ઘેર જમ્યા ભાજી.
રામ જેણે પ્રીતો. ૫

વાલારે મારા ભાપે ભીલડીના બોર ખાધાં, રણક્ષેત્રમાં ઈંડા રાખ્યાં,
રામ જેણે પ્રીતો. ૬

વાલારે મારા જુનાગઢમાં તે હાસી કીધી, જેણે હાથે હુંડી લીધી;
રામ જેણે પ્રીતો. ૭

વાલારે મારા બોડાણાને તમે મળ્યા, સવા વાલ સોને તોળાય;
રામ જેણે પ્રીતો. ૮

વાલારે મારા રોહીદાસના કામ કીધાં, જેણે હાથે શ્રીફળ લીધાં,
રામ જેણે પ્રીતો. ૯

વાલારે મારા પ્રહલાદની વારે ચઢીઆ, હરણાકંશને હણ્યાં;
રામ જેણે પ્રીતો. ૧૦

વાલારે મારા વંદ્રાવનના એ વાસી, એમ ગાય છે જીવણદાસ,
રામ જેણે પ્રીતો. ૧૧

પદ ૩૦

હાંરે હરી ઇચ્છા પ્રમાણે થાયે, જીવ લીલુપતમાં કુટાયરે; હરી.
હાંરે પાર્વતીની પ્રીતજ કેવી, અર્ધે અંગે તે ઉમીઆ જેવી;
હાંરે જગત માતા જનુની જેવી, એતો દક્ષ યજ્ઞમાં ભસ્મ થાયરે.
હરીની ઇચ્છા. ૨

હાંરે સીતા જેવી તો સતી નહિં, અગ્નિ વચ્ચે તે ઉભી રહી,
હાંરે રામચંદ્રની આદી થઇ, એક સમે તે વનમાં જાયરે. હરી ૩
દ્રૌપદી તે મોટી સતી, પાંચ પાંડવ જેના પતિ;
કૃષ્ણજીને તે સાધના હતી, એતો સભામાં સંકટ ભરાયરે હરી ૪
દમયંતીને નળે કાઢી, કળીયુગે તે ભ્રાંતિ ભાંગી;
વનમાંહે તે વન વસાવી, એતો દાસી તે દુઃખમાં ભરાઇરે હરી ૫
અહલ્યાની સલ્યા થઇ, અંજની તે છુપાઇ રહી;
તારામતી તે ચંદ્રને ગઇ, ગમતું ગોવીંદજીને ભુલાઇરે. હરી ૬
કરવું કિરતારનું એન કરશે, ડગલાં ભરાય એવાં ભરશે;
લખ્યું ભાવિષ્ય પાછું ન ફરશે, કુમેર કહે ગુરૂતારે તરશેરે. હરી. ૭

ધુન ૩૧

રણછોડ રંગી, હું કરૂં તમારી બંદગી; રે હું કરૂં તમારી બંદગ;
રણછોડ રંગી હું કરૂં તમારી બંદગી:
રણછોડ રાયા, તમો ગોમતીમાં સંતાયા; (બેવાર)
રણછોડ રાયા, તમે બોડાણાને મન ભાવ્યા; ,,
રણછોડ રાયા, તમે દ્વારકાથી આયા; ,,

રણછોડ દેવા, હું કરૂં તમારી સેવા; ,,
રણછોડ રસીયા, તમે મારા હૃદે કમલમાં વસીયા; ,,
રણછોડ રંગી, તમે મારા જન્મો જન્મના સંગી; ,,
રામા રામા એ થાયે પુરણ કામા; ,,
જે રણછોડ જે રણછોડ જે રણછોડ માખણ ચોર;
જે રણછોડ દાતા હરી, નહિં બોલે તે જાશે મરી;
હરીકા ભજન કરૂંગારે, જમસે નહિં ડરૂંગારે.
સાગર ગોમતીમાં નાહીએ, તેના ચરણા મૃત લઇએ;
જે જે નર્મદા મઇઆં, જે જે ભાગરથી ગંગા,
ધન્ય ધન્ય ગંગાગાંઠની વારી સવા વાલ થયા વનમાળી,
ધન ધન દ્વારકાં વાશી, ઠાકોર કીધું છે કાશી;
જે જે નારાયણ માબાપ, ટાળો ભોગીને પરીતાપ;
જે જે નારાયણ પરમેશ, વંદુ ચરણ તમારે શેષ,
રઘુપતિ રાઘવ રાજારામ, પતિત પાવન સીતારામ;
ભજમન પ્યારા ભજમન રામ, ભજ લે રાધે સીતારામ.

ધુન. ૩૨

જય જય ગુરૂ મહારાજ ગુરૂકે, જય જય ગુરૂ મહારાજા ગુરૂ;
જય જય પરિબ્રહ્મ સત્યગુરૂ, જય જય ગુરૂ મહારાજા ગુરૂ.
નિશ્ચ નામજ લઇને કરૂં, જય જય ગુરૂ મહારાજા ગુરૂ.
દયા નામ વિના નહિં કરૂં. જય જય—
નારાયણ સીંગની ઉરમાં ધરૂં, જય ॥
હિમત સીંગને વચને વરૂં; જય ॥

ભજન ૩૩

આવ્યા છે મુગટ ધારી મારે ઘેર આવ્યા છે મુગટ ધારી,
પ્રેમના પાટ મેતો પ્રેમ કરી પાથર્યાં, ઉપર બેસાડયા મોરારી;
જુગટે જમોને જીવણ હમારા, નીર ભરી ગંગાજળ ઝારી. મારે.૧
હારે પ્રેમના તે પૂળા ઘણા દીસે પાતળા, વડાં વેડમીને શકર સુંવાળી
જુગટે જમો જીવણ હમારા, શીવ પ્રસુદી છે સારી–મારે ઘેર ૨
વરતના દુધની ખીર કીધી સારી, ઉપર લાવું ઘીની વાઢી;
જુગટે જમોને જીવણ હમારા, સુખડી સેકી છે તલ ધારી. મારે.૩
પાકું રે કોળું સુરણ સીંગને, વાલોળ વંત્તાકે વધારી;
જુગટે જમોને જીવણ હમારા, કેરાં આપું દીય કાઢી. મારે ઘેર.૪
ભાવ દાસના પ્રભુ ભાવના ભૂખ્યા, છબી ઉપર જાઉં વારી;
જુગટે જમોની જીવણ હમારા, ભક્તો અરજ કરે છે તારી.મારે ૫

૩૪

ધ્યાન એક ઇશ્વર કેરૂં ધરવું આરે સંસારમં એકજ વખત મરવું
ભજોની તમે સદા નીરંજન નામ એજ આવશે સાથે બીજાનું શું
કામ; ધ્યાન એક ઇશ્વર કેરૂં ધરવું,
નથી સગા બેન માને ભાઈ પુત્ર પુત્રી બેન બનેવી ખોટી છે સ.
ગાઇ; ધ્યાન.
ખોટી છે, ધન દોલતને માયા રોમ રોમ આ રોગ ભરેલી ખોટી
છે કાયા, ધ્યાન
સત્ય એક નામ હરી સાચુ, એના વિના આરે જગંતમાં સર્વ છે
કાચું; ધ્યાન.

પદ ૩૫ જીવ તને કેમ ભાવે એ રાગ.

મુંઢ મનવા જાણે છે મરવું નથી જો શું પીપળા પાનને ખરવું
નથી જો શું.

અતી હોશે ઓઢાડી મંડપ પાટડીરે, એતો તાણી બાંધી તારી
ઠાઠડી જો; મુંઢ.

ભાત ભાતનાં વાજીંત્ર રૂડાં વાગ્યાં જો, આવી આંગણામાં કુટશે
અભાગીઆં જો; મુંઢ.

મુઢ મલકાતા ચોરીના માણીઆ, કરી હીકીયારી કુટશે કાણીઆ જો;
મુઢ મનવા.

તારે આંગણે રોપ્યો ટો સ્થંભ માણુકો જો. કુટે કન્યા તે કર લઇ
મહાણુકો જો, મુંઢ.

બળી ગોરનું વારીને ઘણું ગાજીયાંરે, મળી માતુની ગાઇ રૂડારાજીઆ
જો; મુઢ.

વામ ધુમથી લગ્ન કર્યું કારમું જો, બાર દિવસે બોલાવ્યું તારું
બારમું જો; મુંઢ.

તારે માથે તો મોત તણો માર છે જો, હરી જનને સેવ્યાથી સદા
સાર છે જો; મુઢ.

કાઇ કુચરાયો કાળ તણા કુટયા જો, ખરે બાપુ તે ખરે બાપુ તે
ખલકમાં ખુટયા જો, મુઢ મનવા જાણે છે મરવું નથી જો.

પદ ૩૬.

રામ રાખે ત્યાં રહીએ ઓધવજી ગમ રામ રાખે ત્યાં રહીએ
ચીઠીના ચાકર થઇએ ઓધવજી રામ રાખે ત્યાં રહીએ

કોઇ દીન ગાદીને કોઇ દીન બંગલા, કોઇ દીન જંગલ બસનાજી ઓ.
કોઇ દીન હસ્તી ને કોઇ દીન ઘોડા, કોઇ દીન પાઉંએ ચલનાજી
ઓધવજી.

કોઇ દીન ખાજા ને કોઇ દીન લાડુ કોઇ દીન ફકમ ફકાજી. ઓ.
કોઇ દીન ઢોલીઆ કોઇ દીન તળાઇ, કોઇ દીન ભોંય લોટનાજી ઓ.
મીરાં કહે પ્રભુ ગીરધર નાગર કહ્યું આપ વડો સેહેનાજી. ઓ.

પદ ૩૭ ઝુલણી.

સોનાનું બોર ઝુલે નંદ કીશોર પ્યારાને પારણે સોનાનું બોર
હીરા માણેક બહુ જડીયા પારણીયે આજુબાજુ દીસે રૂડી મોતીડાની
કોર

પ્યારાને પારણે સોનાનું બોર
કંઇ કંઇ કાનાને નયણે સારે કાજળીયાં કંઇક બનાવી રૂડી
કસ્તુરીની કોર.

છબી રંગીલી પ્યારી કાના કુંવરની હાથે ગ્રહી છે રૂડી હીરની દોર
બ્રહ્માનંદ કહે સુખ રસીયું બાલમનું ગોપીજુ એ છે જેમ ચંદ
ચકોર પ્યારાને પારણે સોનાનું બોર

પદ ૩૮

પુનેમ કેરો પુર્ણચંદ્ર છે રાસ રમે નંદ લાલોજી
નટવર વેશ ધર્યો નંદલાલે સૌ જોવાને ચાલોજી-પુનમકેરો
તાનનાં વાજીત્ર વાજે નાચે જસોદાનો કાલોજી-પુનમકેરો

સોળ સહસ્ત્રમાં આઠ પટરાણી વચમાં રહે મારો ગોવાળ—ધુનમ.
મીરાં કહે પ્રભુ ગીરધર નાગર રણછોડ દીઠે સારો—ધુનમકેરા

ધુન ૪૬

વેણું જંત્ર વાગે વેણુ જંત્ર વાગે, કૃષ્ણ રામ રમે વેણુ જંત્ર વાગે—

નિર ભરી નદીઆં પોવાસે વાગે, કપુત કેરી કારી સુણી

આપ રંગ ત્યાગે વેણુ જંત્ર વાગે

કામનીનો મન મોહ્યો ખોયા જળ જાગે

તે તો નરક નીત ભરશે, ચાંચ ભરી કાગે સુણરામ

થાળ ભરી પકવાન ધર્યો થાળ આગે

ભાવે બીજું ભૂલી ગયો સુની જન આગે સુણરામ

સંત ગુરૂ કે સંગરે કે રામ નામ ગાતે

અરજુન કે ઓર ઠીયા મારી પાસે માગે સુણરામ

ધુન ૪૭

જય રામા જય રામા, સાધુ જય રામા જય રામા રે;
ગોપાળા ગોવીંદા રામા, જય રામા જય રામા રે.

રાધે રામા રાધે રામા, રાધે, રાધે, રાધે રે;
પરીબ્રહ્મ અવિનાશી રામા, ભજો વારંવાર રે;

જય ગોવીંદા હર ગોવિંદા, નારાયણ તું હરેરે
જય રામા જય રામા તું જય રામા જય રામા રે;

પદ ૪૧

ભજન કરીલોરે હો ભાઇઓ, આ કાયાનો કાચો પાઇઓ. ભજન.
ગુરૂએ રચ્યોરે હો કાચો, તેને તમે રૂપે રંગે રાચો, ભજન.
જાણજો આપણ રે જુઠા, જાણે પાણીના પરપોટા ,,
ફુલીને જાશોરે હો ફુલી, જાણજો આરે જુવાની જુઠી ,,
ભવના માયરે હો મરસો, તાર્યાં સત ગુરૂનારે હો તરશો. ,,
દાસ ગીઠાનારે હો સ્વામી, તનમન સોંપ્યું અંતરજામી ,,

પદ ૪૨

મધરાતે વાલાની વેણુ વાગીરે, હુંતો સુતીતી ઝબકીને જાગીરે.
હુંતો મોરલીના રાગમાં ઘેલીરે, જોવા જાઉં વેલી વેલીરે. મધરાતે
મારા ઘરનાં સૌ વાવરે, હું તો જીવું વાલાને જો ઉતારેરે. મધરાતે
હમે રમતા હતાં વદ્રાવનની વાટેરે, વાલો ઉભાતા જમનાને ઘાટેરે.
મારે માથે મટુકી દહીં દુધનીરે વાલો વાત પુછે દુધ દહીંનીરે
મધરાતે.
અરે મને એમ કરી ઉભાં રાખેરે, અમે મારાં ગોરસ જોવાને જાખેરે.
કરજોડી ગોપીકા ગાવે રે, ગુરૂ ગમસે મધીમં ગાવેરે; મધરાતે.

પદ ૪૩.

ક્યાં ગયો પેલો મોરલીવાળો. અમને તે રાસ રમાડીરે.
રાસ રમાડવાને વનમાં તેડયા, મોહની મંત્ર સુણાવીરે; કહાં.
માતા જશોદા સાખ પુરાવે, કેશર છાંટાં ઘોળીને, કહાં.

ઝરણા વેણુ સમારી સુતી, પેરી કસુંબલ ચોળીરે; કહાં.
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધર નાગર, ચરણ કમલ ચીત ચોરીરે;
ક્યાં ગયો પેલો મોરલીવાળો.

પદ ૪૪

મારે મારૂં ભજન કરે તો પ્રેમ લઇ વધુને, મેરે પ્રા
બેઠાં બેઠાં મને ભજે તો, હું સાંભળું ઉભા રહી રહીને માટે.
ઉભા ઉભાં—મને ભજે તો, હું સાંભળું ત્યાં જઇ વસી માટે.
સુતાં સુતાં-મને ભજે તો, હું સાંભળું બેસી રહી રહીને માટે.
ભાવ થકી-મને ભજે તો, હું નાચું ત્યાં થેઇ થેઇને માટે.
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ, ચરણ કમલ ચિત્ત લઇ વધુને;

પદ ૪૫

જોઇ લો જગતના બાવારે, ધર્યો ભેખ ધુતીને ખાવા!
જ્યાં પ્રેમદા પાણી ભરે ત્યાં નિત્ય જાએ નહાવા.
રાંડી છાંડીને વેર નર કોઇ ન હોય, ત્યાં બાવો બેસે છે ગાવા રે જો.
લોકોનાં છોકરાંને તેડી રમાડે બાવો પરણું પ્રીત થાવા.
ગૃહસ્થ સ્ત્રી રીસાય ત્યારે, જાય બાવોજી મનાવારે. જોઇ. ૨
ધુપ કરીને બાવો ધ્યાન કરે તે, ભોળા લોકને ભમાવા;
ભોજા ભગત કહે બાવે સેવે, એને જમપુરીમાં જાવારે. જોઇ ૩.

પદ ૪૬

ભરમાવી દુનીઆ ભોળીરે, ચાલ્યા બાવા ભભુત ચોળીરે.
દોરા ધાગાને ચીઠી કરીને, આપી ગુણકારી ગોળી.

જીવ હણતાં દયા ન જાણે, જેવા ભીલ કફર ને કોળીરે. ભરમાવી.
નિત્ય નિત્ય દર્શનનો નિયમ ધરી, આવે તરીયાની ટોળી;
સાચ સાચ કહી ભાવો માન દીયેને, દેવે કામનાની ઝોળીરે. ભરમાવી.
સધવા શિષ્યને ભેળા કરીને, ખાય ખીર ખાંડને પોળી;
બોલે [illegible] કહે [illegible] સપનામાં, [illegible] ગોળીરે. ભરમાવી.

પદ ૪૭

જે કોઇ પ્રેમી અંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે;
સિંહણ કેરૂ દુધ હોય તે, સિંહણ સુતને જરે;
કનક પાત્ર પાખે સહુ ધાતુ, ફોડી બહાર નીસરે. પ્રેમરસ.
સાકર [illegible] શાકર [illegible] એના માંજ ઠરે,
ખારા સિંધુનું નાળીયેરું જેમ મીઠા જળમાં ભરે પ્રેમરસ.
સોમ વલ્લી રસ પાન શુદ્ધ જે બ્રાહ્મણ હોય તે કરે
અગર વંશી નવ કરાવે, વેદ વાણી ઉચરે પ્રેમરસ.
ઉત્તમ વસ્તુ અધિકાર વિનાજે તદપિ અર્થ નવ સરે
સ્વચ્છ મોતી બગલો મુક્તાફળ, હંસા સંચુન ભરે. પ્રેમરસ.
એમ કોટી સાધને પ્રેમ વિણ, પુરૂષોત્તમ મુદ નવ ઠરે;
દયા પ્રીતમ શ્રીગોવરધનધર, પ્રેમ ભક્તિએ વરે. પ્રેમરસ.

પદ ૪૮

હાંરે વાલા વિઠલ વગાડી વાંસળી, ઉભા જમુનાને તીરરે. વાગી વિઠલ.
મોહ્યા મોહ્યા મુનીવર દેવતારે, અરે મોહ્યા ચૌદ ભુવનરે. વિઠલ.
હાંરે ગિરી પર્વત ડુલી પડયાંરે, હાંરે થયો બહુ ઉત્પાત. વિઠલ.

હાંરે ગોપીઓ તે સરવે વિહલ થઇરે, હાંરે આવી મોહનની પાસે; ,,
હાંરે એવું સુનીને શ્રીહરી બોલ્યારે. હાંરે જાઓ તમારે ઘેરરે; ,,
હાંરે વાલો પીઉ પોતાના પરહર્યારે, હાંરે તન તમારી પાસરે; ,,
હાંરે પ્રભુ લીલા દેખાડો આપણીરે. હાંરે પુરો અમારા કોડરે. ,,
હાંરે વાલો અમરત થઇ અમરવેલીરે, હાંરે ધન ધન ભગવંતરે. ,,
હાંરે ત્યારે મોરાર સુત એમ વીનવેરે, હાંરે રહો અવિચળ નામરે. ,,

પદ ૪૯

ક્યા ગફલતમે પડા દીવાના, ક્યા ગફલતમે પડા;
ગોપીચંદ ભરથરી રાજા, માલ મુલ્ક સબ છોડા; દીવાના ક્યા.
હનુંમાનકી સેવા કીની, અમુલખ વસ્તુ ભરી; દીવાના ક્યા.
નામદેવકે છપર છાયે; વિઠ્ઠલ ઈંટપે ખડા; દીવાના ક્યા.
કહુત કબીર સુનો ભાઇ સાધુ, ચેતનવાલા ખડા; દીવાના ક્યા.

પદ ૫૦

આજ મેતો પુજન ચલી હનુમાનકું, હનુમાનકું આજમેતો (બેવાર)
હનમાનકું તેલ કટોરા, દુધમે નવાઉં મેરે રામકુ; આજમેતો.
હનુમાનકું સીંદુર ચડાવું, ચદન ચડાવું મેરે રામકું; આજમેતો.
આકડેકે ફુલ હનુમાનકું ચડાવું, કેલડેકા ફુલ મેરે રામકુ; આજ.
તેલટી પુરી મેરે હનુમાનકુ ચડાવુ, ધીકી પુરી મેરે રામકું; આજ.
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરનાગુણ, ચરણ કમલ ચિત્ત લાલકુ
આજમેતો પુજન ચલી હનુમાનકું.

પદ ૫૧ સ્તુતિ.

પ્રભુ અકળ ગતી છે તારી, કોણ કરી શકે મતી મારી;
કહે અવધપુરી મુજ ધામ, કહાં કાશી વિશ્વનાથનું ધામ. પ્રભુ.
જેમ સુતા સેજ પલંગમાં. જેને કાંટા વાગે છે અંગમાં; પ્રભુ.
જ્યાં સગાં સહોદર મારાં, તે ધણી ખમા કહેનારાં; પ્રભુ.
જ્યાં પુત્રને મુજનારી તે મશાણુની રખવારી. પ્રભુ.
જેમ સુતા રંગ મેહેલોમાં, તેઓ ચવા છે જુલોમાં. પ્રભુ.
શું વદું પ્રભુ હું વાણી, મારી રેખા સરવે જાણી. પ્રભુ.
દીન બંધુ સેવક ઇચ્છે, મારી આસાઓ જેતે છે. પ્રભુ.
એવી આશાઓ પુરી કરજે, પામર પ્રાણીને પાર ઉતારજે. પ્રભુ.

પદ ૫૨ ગરબી.

ગોપી ગઇતીરે હો પાણી, વાલે ચુારે મુજને જાતાં જાણી;
ચુંદડીને છેડેરે હો વળગ્યો, રહેને ધુતારા અમથી અળગો. ગોપી.
માંરે મહી વેચવા હો જાવું, તારે મહી લુટી લુટીને ખાવું. ગોપી.
ચાલો સખીઓ વહેલાં હો જઇએ, જઇને નંદ બાવાને કહીએ. ગોપી
સખીઓની જોડેરે હો ગાતાં, તેતો રસ મારા રૂદીયામાં રહાંતાં. ગોપી.
દાસ મીઠાનારે હો સ્વામી, તન મન સોપ્યું અંતરજામી. ગોપી.

પદ ૫૪

આંખડી કામણુ ગારીરે કહાન આંખડી કામણુગારી;
એરે આંખડીએ આડો આંકજ વળ્યો, મોહ પમાડયાં બ્રીજનારી.
કાહનતારી આંખડી કામણુગારી.

વૃંદા તે વનમાં વાલે રાસ રચ્યો છે, રેલી છે, રેલી છે રાધે પ્યારી
સુરદાસના સ્વામી સુંદર શીરોમણી, શરણુ કમલ બલહારીરે. કાન.

રાગ હાલરડાનો. (થાળ)

માતા જસોદા બોલાવે જમવા લાલને,
ચાલો લાડકવાયા લાગુ અલબેલા પાય;
રંગ રસીયો આવે રીસાયો તે નહિં
પુઠે દોડું ત્યારે નટવર નાશી જાય, માતા જસોદા.
હે કાના શીદને સંતાપો મંદીર કામ છે;
વાટ જોતી બેસી રહી વલ વલતે મન,
શીખામણુ આપું તે શેં નથી લાગતી.
શામળા શા માટે તમે ભરો નેત્રમાં નીર, માતા જસોદા ૨.
તારા ઢંગરે ધુતારા કોઇ એક જાણુશે;
તારે પરણ્યાની થાશે હજી પેર;
તને કન્યા કોણુ દેશે વાંકે વાંકડે
ડહાપણ મેલી મેલી રહાડ તજી ચાલો ઘેર. માતા જસોદા. ૩.
હરે જો મારૂં તો મુજને સોગન છે.
તમે જીત્યા હું હારી જગદીશ,
હવે શું કરૂં લાડવાયા નંદજી તાતને
બાકી રાખું છું મુને બહુ ચઢે છે રીશ. માતા જસોદા ૪.
જયમ તેમ સમજાવી લઇ ચાલ્યાં સુંદર શામને
પ્રેમે આરોગ્યા પકવાનનો પરશાદ.
દાશ દયાના હરીએ દયા કરી.
મોટા મુનીજન ધરે નિરંતર ધ્યાન; માતા જશોદા.

જાહેર ખબર.

નીચેનાં પુસ્તકોના વાંચવા લાયક પુસ્તકોનો જથ્થો અમે રાખ્યો છે માટે જોઈએ તો નીચેને શરનામેથી રોકડી કીંમતે અથવા વી. પી.થી પણ મોકલી આપીશું.

મહાભારત મોટું વ્યાસજી વલ્લભરામ કૃત	[illegible]
જેલની વાર્તા (સચીત્ર)	૧— ૮—
કામિની ચરીત્ર	[illegible]
ચુડાઓ તેડી ૭૨ વાતો પુરી	૦—૧૨
કામકળા કામરૂપ	[illegible]
ગુલબકાવલીની વાર્તા પદ્ય	[illegible]
સાત મુસાફરોની વાર્તા	[illegible]
હરી કૌતક ભા ૧	[illegible]
બાદશાહ બીરબલ ભાગ ૧ થી	[illegible]
બાદશાહ બીરબલ ભાગ ૧ થી ૧૨	[illegible]
ભોજ અને કાલીદાસ	[illegible]
સદેવંત સાવળીંગા	૦ ૬
આરામશેઠ ભાગ ૧લો	૦—૧૨
અરબ્ય કસ્તુરીની વાર્તા	૦— ૬
સવાઈ સંવાદ	૨— ૦
ગજરામારૂની વાર્તા	૦— ૬
સુંદર કામદાર	૦— ૬

બુકસેલર—બાપુલાલ છગનલાલ

ઠે૦ દેશાઈ બજાર—ભરૂચ.